

# પ્રેમવહેણ

હે મા!

હું સંપૂર્ણ રીતે આપ સ્વરૂપ જ છું!

તેથી મારી સ્થિતિ તારી સેવારૂપ,

મારી ગતિ તારી યાત્રારૂપ,

મારી મતિ તારા ચિંતનરૂપ

અને મારુ વચન તારી સ્તુતિરૂપ થાઓ!

તેમ જ મારું હર કોઈ કાર્ય તારા પૂજનરૂપ થાઓ!

હું જે કાંઈ ગ્રહણ કરું છું એ સર્વે તારી પ્રસાદીરૂપે જ ગ્રહણ કરું!



# અનુક્રમણિકા


સ્વરા ....................................................4

ઉમડતી રોશની .......................................5

પ્રેમ મ્હોર્યો..........................................6

મધુરિમા...............................................7

મારું ફલક ..............................................8

શિવાલય ...............................................9

પ્રેમનું આકાશ.......................................10

બેઠી વસન્ત અધરે ...............................11

સ્વર્ણ વર્ણ ...........................................12

તું જ તું પ્રિયે.......................................13

પ્રેમનો જુવાળ ......................................14

અન્ગે વહ્યો પ્રેમ..................................15

પ્રેમવિશ્વ ............................................16

દીવાનો...............................................17

તારા સ્વપ્નનો આધાર .........................18

પ્રેમનું પાનું ........................................19

જુદાઈનો રન્ગ .....................................20

તૃષા તૃષ્ણા .........................................21

આગવું ...............................................22

એનો સહેવાસ.......................................23

ક્યાં શોધું?..........................................24

પ્રેમની કોર .........................................25

વસ્યો પ્રેમ ..........................................26

પ્રેમપુષ્પ ખીલ્યાં .................................27

એક સ્વપ્ન...........................................28

પ્રેમ મ્હોરે છે .....................................29

શું થયું? .............................................30

શ્યામલ રાત.......................................31

ખોવાયો સાથ .....................................32

ચાન્દ ઉગ્યો........................................33

મારો પ્રેમ છે .....................................34

આંખનો આયનો..................................35

કમ્પ્યુટર પ્રેમ ....................................36

બહુ જ યાદ .......................................37

મારી હન્સલી.....................................38

ચક્વાત .............................................39

સચ્ચિદાનન્દ .....................................40

સરવર...............................................41

દિલના દ્વારે ......................................42

આહુતિ...............................................43

રોશની...............................................44

# સ્વરા

સ્વરા,

અમારા આન્ગણની ગુલાબ ક્યારી!

અમારા હૈયે સદા ખેલતી ઢીન્ગલી!

અમારા પ્રેમનો પમરાટ વરસાવતી વેલી!

તારા ખીલખીલાટ હાસ્યમાં "મા"ના અણસાર

તારી મસ્તીખોર અદાઓમાં "કનૈયા"ની ઝાંખી

તારા નિર્દોષ તોફાનોમાં "રામ"ના દુલાર

તારા નિર્મળ પ્રેમમાં પરમાત્માના આશિષ

તને આવકારી ઉછેરવાનું અમારું સદભાગ્ય

તને લાલન-પાલન કરવામાં અમારી પૂજા

તને સક્ષમ કરવામાં અમારું જીવન સાર્થક્ય

સ્વરા,

અમારી લાડલી,

અમ સહુના આશિર્વાદ તને!

**(ઓક્ટોબર 08, 2013)**

## ઉમડતી રોશની

શાન્ત સવારે
સૂરજના રતુમડા કિરણો પર સવાર
આકાશ સાથે તારી યાદો ઉઘડી
તારા સ્પર્શની રોશની ચમકી!

મદભર્યું સ્વપ્ન અધૂરું
ઘેનમાં એક નવી જીન્દગી શ્વસતી
તારા એકાકારની રોશની ચમકી!

તાજી છાન્ડેલી ઉન્ઘ
હજી આંખે અન્જાયેલી હિન્ગોળી
તારા પ્રેમબાણની રોશની ચમકી!

પાણીની ઉષ્ણ ધારોમાં
ડીલ સાથે યાદોની અન્તરન્ગ ડૂબકી
તારા સધિયારાની રોશની ચમકી!

ધ્યાનમગ્ન હૈયે વાદળો રમે
અચાનક પ્રકાશની હેલી વરસી
તારા અન્તરની રોશની ચમકી!

ના રહ્યાં હવે જુદાં આપણે
"દીપ"ની સાથે "રોશની" પ્રગટી
"મા"ના આશિષથી રોશની ચમકી!

**(ઓક્ટોબર 02, 2013)**

## પ્રેમ મ્હોર્યો

લાગણી કોયલ-શી ટહૂકી
'ને વાસન્તી પ્રેમ મ્હોર્યો!
અન્ગેઅન્ગની ડાળ લહેરાઈ
'ને સ્વપ્નાઓ જાગી ઉઠ્યાં!
અધરે અમૃત બુન્દ ટપક્યું
'ને ઈચ્છાઓ વીંટળાઈ વળી!
ગૌર દેહે સુગન્ધી ફેલાઈ
'ને મનોરથે અશ્વ છૂટી પડ્યાં!

આશ્લેશમાં શાતાની ઝન્ખના,
ઉમડે અનહદ રાગની યોજના.
વિયોગનો યોગ આસવ ઘુંટતો,
રસાસ્વાદને પલકોમાં વધાવતો.

પ્રકૃતિનું આયોજન કેવું અનોખું,
"દીપ" "રોશની"નું જલતું આયખું.
**(ફેબ્રુઆરી 04, 2014 વસન્ત પન્ચમી)**

## મધુરિમા

વસન્તની નિરન્તર વધામણી છે તું,
આમ્બે મ્હોરતી પહેલી કુંપળ છે તું.

ઝરમર વરસતી મધુરી સાન્જ છે તું,
સૂરજ-ચાન્દના મિલનની આશ છે તું.

તારલે ચમકતાં અધૂરાં સ્મિત છે તું,
ધરાના ઉઘાડા ડીલે છાનાં સ્પર્શ છે તું.

મન્દ વાતા પવને ભીની સુગન્ધી છે તું,
વાદળોમાં ઉમડતી આભની સુરખી છે તું.

મોગરાની ખીલતી નમણી કુમાશ છે તું,
ઉપવનમાં જાગતાં સ્વપ્નની રાત છે તું.

મારા હૈયાનો કુમકુમવર્ણો હાર છે તું,
ભગવા વસ્ત્રોનો સમ્પૂર્ણ રન્ગ છે તું.

"મા"ની ભક્તિમાં હરેક અર્ચના છે તું,
"દીપ"ની પ્રાર્થનાનું મૂર્ત રૂપ છે તું;
મારી "રોશની" છે તું.

**(ફેબ્રુઆરી 12, 2014)**

## મારું ફલક

આકાશ!

મારે તારા જેવા વિશાળ થવું છે!

વાદળી જેવી મારી પ્રિયાને હરપળ,

મારા આગોશમાં ચૂમતો રહું...

મારી પ્રિયા ક્યાંય પણ હો, હું હમ્મેશ

તેને નિહાળતો રહું...

વાયુ!

મારે તારા જેવા સર્વવ્યાપી થવું છે!

ફૂલ જેવી મારી પ્રિયાને હરપળ,

મારા સ્પર્શથી છેડતો રહું...

મારી પ્રિયા ક્યાંય પણ હો, હું હમ્મેશ

તેના શ્વાસમાં વસતો રહું...

અગ્નિ!

મારે તારા જેવા પવિત્ર થવું છે!

અર્ધ્ય જેવી મારી પ્રિયાને હરપળ,

મારા હૈયે આવકારતો રહું...

મારી પ્રિયા ક્યાંય પણ હો, હું હમ્મેશ

તેનામાં પ્રેમરૂપે પ્રજ્વલિત રહું...

જળ!

મારે તારા જેવા પારદર્શી થવું છે!

નદી જેવી મારી પ્રિયાને હરપળ,

મારી ભરતી-ઓટમાં આવકારતો રહું...

મારી પ્રિયા ક્યાંય પણ હો, હું હમ્મેશ

તેની જીવનધારાનું ધ્યેય રહું...

પૃથ્વી!

મારે તારા જેવા લાગણીભર્યાં થવું છે!

વર્ષા જેવી મારી પ્રિયાને હરપળ,

મારા ફલકમાં ધારણ કરતો રહું...

મારી પ્રિયા ક્યાંય પણ હો, હું હમ્મેશ

તેના વિસામાનું સ્થાન રહું..

"મા"!

મારી "રોશની", મારી પ્રિયાને, હું

અવિરત અવિચળ ચાહતો રહું!

**(ફેબ્રુઆરી 19, 2014)**

# શિવાલય

પુરુષ હું અને પ્રકૃતિ તું,
શિવ હું અને શક્તિ તું,
બેઉને અદમ્ય ઝન્ખના
જાગે અદ્વૈતની!

ફેલાતાં સમયનાં અફાટ
સમુદ્રે અણુ-અણુ બની.
વિખેરાતાં વિશ્વની અસીમ
ચાદરે તરન્ગીત થઇ.

નર્તન પ્રગટે એકાકારના
નાદનું સ્વયમ્ભુ.
ગભરાટ મચે અનેકના
અસ્તિત્વમાં મૃત્યુની બીકે.

પુરુષ કોણ અને પ્રકૃતિ કોણ
શિવ કોણ અને શક્તિ કોણ
"દીપ" અને "રોશની" મળે
ત્યાં માત્ર પ્રેમ સત્ય!
**(ફેબ્રુઆરી 27, 2014 મહાશિવરાત્રી)**

# પ્રેમનું આકાશ

મારે આમ્બવું પ્રેમનું આકાશ નિરવે.
આપણી વચ્ચે શક્યતાનો સાગર ઘૂઘવે!

આકાશે ઝળહળે તારા સ્મિતનાં તારલાં.
ઉમડી આવે હૈયે સન્શયનાં વાદળાં!

અન્ધારપટ ચીરે તારા દર્શનનો ચાન્દો.
સમયનું ગ્રહણ ગ્રસે પૂનમની રતુમડી યાદો!

ફરફરે પ્રેમ વાયુમાં તારા મિલનની પન્ખુડી.
સૂકવે ઘોમધખતો ભયનો તાપ મૂછો મરડી!

હિલ્લોળે કલબલતું તારા સ્પર્શનું ઝરણ.
કાપે વિયોગના પથ્થરો પ્રેમનું ભીનું તારણ!

વિખેરાતો લાગણીનાં રન્ગોમાં શ્વેતલ પ્રેમ.
"દીપ" "રોશની"ની જીવન રન્ગોળી પ્રેમ!
**(માર્ચ 04, 2014)**

## બેઠી વસન્ત અધરે

(સોનેટ)

(વસન્તતિલકા)

બેઠી વસન્ત અધરે નયનો ઝુકાવી;
ભીનાશ તૃપ્ત તલસે શમણાં સજાવી.
ઉત્તેજના મલપતી દલડાં વિખેરી,
સાયુજ્ય ખેલ રચતી રજની અધૂરી.
આશ્લેષ રન્ગ પુરતો હળવા ઉજાસે,
એકાન્ત રાગ ઝરતો નવલા પ્રવાસે.

માયા સુગન્ધ સચરાચર સન્કળાતી,
ઋણાનુબન્ધ હવને અનુબન્ધ મુક્તિ.
આસક્તિ શોર સઘળાં પૂતળાં નચાવે,
ઉત્ક્રાન્ત હૈયું કુમળાં નિયમો પળાવે.
સન્તોષ ઐક્ય નિયતી સમ આવકારે,
સન્સાર પામર અસાર અકાળ તારે.

(દોહરો)
બન્ધન જીવન યોગમાં, કેવાં નાટક ખેલતું!
સન્ગે "દીપક" "રોશની", તોયે આયખું જલતું!
(માર્ચ 10, 2014)

## સ્વર્ણ વર્ણ

તારા ભાલનો રક્તિમ સૂરજ
વિખેરે લાગણીની સુવર્ણ રજ
મારી કાયા ધરા પર

તારા હોઠનું ગુલાબી પરાગ
ખીલવે પ્રેમના ફૂલ
મારા અસ્તિત્વ ઉપવનમાં

તારી આંખોનો ઘૂઘવતો સાગર
આકર્ષણની ભરતી-ઓટ લાવે
મારા હૈયા કિનારે

તારા વાળનો રેશમી ધોધ
યાદો વરસાવે અનરાધાર
મારા મન વહેણે

તારા વદનનો કેસર ઘોળ્યો ચાન્દ
વ્હાલની શીતળ ચાન્દની રેલાવે
મારા આતમ કમળ પર

તારો પરમ પ્રકાશ ઓ "રોશની"
હરપળ પ્રાણ આશિષ આપે
મારા ચૈતન્યને
**(માર્ચ 26, 2014)**

## તું જ તું પ્રિયે

**(એપ્રિલ 10, 2014)**

જ્યાં સુધી પ્રાણ,
તારી સુગન્ધીનો દરિયો,
ભરે શ્વાસ-શ્વાસ!

જ્યાં સુધી લહુ,
તારા પ્રેમની વર્ષા,
વહે નસ-નસ!

જ્યાં સુધી શબ્દ,
તારી પ્રશન્શાના ફૂલ,
ખીલે તરન્ગ-તરન્ગ!

જ્યાં સુધી અજવાળાં,
તારા સૌન્દર્યની મૂર્તિ,
નિહાળે પલક-પલક!

જ્યાં સુધી સ્મરણ,
તારી લાગણીભરી યાદો,
જગાવે ચિન્તન-ચિન્તન!

જ્યાં સુધી હૈયું,
તું જ સન્ચરે મહી,
ધબકે અણુ-અણુ!

જ્યાં સુધી પ્રકાશ,
તારા અસ્તિત્વની "રોશની",
પ્રગટાવે જીવન-જીવન!

## પ્રેમનો જુવાળ

જુવાળ ઉઠે લાગણીનો
'ને પલ વલખાં મારે

નીતરે ભીતર પ્રેમ
'ને વર્તન લાવા ઉવેખે

હોઠે હાસ્ય રમતું
'ને કન્ઠે વિયોગ ધરે

પ્રિયા મારી જોગણી
'ને હૈયે હામ ખીલવે

જીવનમાં તરસ ભરપુર
'ને મળેલા સુખની રેત સરે

"મા"ને વિનવું વારમ્વાર
'ને ભરું સુખ અપરમ્પાર

એકમેવ સન્ગે જીત્યાં
પ્રેમનાં પુષ્પ બે અનોખાં

**(એપ્રિલ 12, 2014)**

પ્રેમવહેણ COPYRIGHT © 2020 CHIRAG PATEL, USA

## અન્ગે વહ્યો પ્રેમ

વહેલી સવારે,

ઝાકળભીનાં ઘાસ પર,

ચમકતા...

સુરજના કેસરી સાફા પર,

સવાર થઈ,

ચમકતા ભાલ જેવી,

ચાન્દની સમુ મુખ તારું;

જયારે -

પર્વતની ધારે,

એકાએક ઢળી પડતા,

ઝરણાં જેમ,

નીકળતાં આંસુઓ,

ઝીલતું હોય!

ત્યારે -

સૂકાંભઠ ખાખરાને,

પોતાની આગોશમાં લઈ,

કેસૂડાની ખોટનો વસવસો,

વિસારે એવા,

દાવાનળ જેવા,

મારા પ્રેમથી,

તારું જીવન નવપલ્લવિત કરું!

"રોશની"ના પ્રકાશિત અણુઓને,

પ્રેમથી પખાળતો "દીપ" સદૈવ.

**(મે 09, 2014)**

## પ્રેમવિશ્વ

ચાલ વ્હાલી, મારી સાથે!

થીજેલી રાતે,
પેલા કાળી કામળી ઓઢેલા
ચાન્દને
ચૂમી કરી
શરમાવીએ!

એની કામળીમાં
મઢેલાં તારલાંને,
ખોબે-ખોબે ભરી,
ફુંક મારી વિખેરીએ
પ્રેમના
સપ્તરન્ગી આકાશે!

રમત કરી
થાકેલાં આપણે,
સોડ તાણી,
મખમલી ધરતીની
ગોદમાં
પોઢી જઈએ!

વ્હાલ કરતો
સૂરજ,
હળવેકથી
પુકારતો,
આપણને ઉઠાડે જયારે;

મદભરી આંખોનાં
રસ, ભરી-ભરી
પી લઈએ
અને
એ નશાની અસર તળે,
એકમેકના
ઉત્તેજિત અન્ગોને
સાન્ત્વના આપીએ!

"દીપ"
ત્યારે "રોશની"ને
સ્વપ્ને સજાવે!

(મે **23, 2014**)

## દીવાનો

તું નહિ, તારી યાદોનો દીવાનો છું;
એક-બે? અગણિત યાદોનો પરવાનો છું.

એક-એક યાદ પર થમ્ભે શ્વાસ મારો;
પ્રેમની જલનમાં નીકળે નિશ્વાસ મારો.

તારા થકી છે મારું અસ્તિત્વ;
પ્રેમની છાયામાં પામે સ્થિરત્વ.

જીવન-મરણની તો વાત ક્યાં રહી?
હવે તો શ્વાસ લેવાની જ વાત રહી.

ફૂલોની ફોરમ પમરાટ કરતી ફરફરે;
તારા દિલની ઓળખ આમ હરેફરે.

"રોશની" છે જ્યાં સુધી "દીપ" સન્ગ;
હું 'ને તું છીએ ભીનાં, થકી પ્રેમ રન્ગ.

**(જુન 03, 2014)**

પ્રેમવહેણ COPYRIGHT © 2020 CHIRAG PATEL, USA

## તારા સ્વપ્નનો આધાર

**(જુન 23, 2014)**

તે અને મે જોયાં છે સ્વપ્ન!

ભાવના ભર્યું,
લાગણી છલકાતું,
પ્રેમે તરબતર,
અલૌકિક વિશ્વ છે આપણું.

તે અને મે જોયાં છે સ્વપ્ન!

અન્ધાધુન્ધી મધ્યે સાત રન્ગો સમુ,
પીડાની ઘટમાળમાં શાતા આપતું,
દુઃખ શમાવતાં હાસ્યની છોળો જેવું,
આનન્દભર્યું વિશ્વ છે આપણું.

તે અને મે જોયાં છે સ્વપ્ન!

જે તારે હોઠે એ મારે હૈયે,
જે તારી આંખોમાં એ મારા વિચારોમાં,
જે તારા હૃદયમાં એ મારી કરણીમાં,
કન્ડારતું વિશ્વ છે આપણું.

તે અને મે જોયાં છે સ્વપ્ન!

આધાર જીવનનાં,
શ્વાસ દેહનાં,
રક્ત વહેતું કાયામાં,
સર્વસ્વ છે એ સ્વપ્ન "રોશની"!

# પ્રેમનું પાનું

**(જુલાઈ 01, 2014)**

છે પ્રેમનું પુસ્તક
મારું જીવન;
ઉઘાડી જોઉં
એક પાનું.

પાને-પાને છે
નવી વાર્તા;
પણ,
દરેક પાને
આકાર છે
તારો,
ઓ "રોશની"!
અને,
સુવાસ છે
તારા પ્રેમની!

પાનું ઉઘડ્યું;
દેખાયાં
બે બુન્દો,
સુકાયેલાં,
જુદાઈ સન્કોરી!

પ્રવેશ્યું
સૂર્ય કિરણ
ક્યાંકથી;
'ને
બુન્દો ઝળહળ્યાં,
નવી આશાઓ લઇ!

## જુદાઈનો રન્ગ

સમયની તલવાર વિન્ઝાઈ
થયા આપણે ધરતી-આકાશ
નિરખી રહીએ હર પલ
ભેળાં થઈએ આભાસી

તું ખીલવે ગુલાબ પ્રેમનું
'ને મુરઝાતું, હું પામું જયારે

તું હોય ત્યાં ચાન્દ ઉગતો
'ને ઢળતો, હું હોઉં ત્યાં

તું આંસુનો દરિયો છલકાવે
'ને વરાળે ઉડતો હું નિહાળું

તું પલકોમાં આશ બાન્ધે
'ને રણમાં પાખી વર્ષા હું જોઉં

તું ઉજાગરે યાદો ચમકાવતી
'ને ઓઢે અમાસ, હું મેળવું ત્યારે

"દીપ" શોધે "રોશની" ખૂણે-ખૂણે
વલોપાતમાં છેવટે પોઢી જતો

**(જુલાઈ 22, 2014)**

## તૃષા તૃષ્ણા

એક ઝલકે તારા પુષ્ટ યુગ્મો,
ઝન્ખના જગવે અધૂરા યુગો.

ક્ષણ- ક્ષણાર્ધમાં વિખેરતી યાદ,
જન્માન્તરની ઝાંખી દેતી સાદ.

પ્રેમકહાની ઉગી આતમ ખોજે,
સમય સન્દુકે શોધી ફરી આજે.

બે જ્યોત બનવા મથે એક,
શરીર આવરણ ઉઘડે છેક.

ભૂલ્યાં મૂળ ધ્યેય અને રાહ,
ફરી શોધીએ, ચાલ, સન્ગે ચાહ.

બન્ધન છે અનેક ભલે અનોખા,
આતમ દ્વારે ટકોરા અહાલેકના.

"દીપ" "રોશની" ધખાવે ધૂણી,
દોડી આવશે પ્રભુ આરત સુણી.
(**જુલાઈ 29, 2014**)

## આગવું

આપણાં તારામૈત્રકે રચ્યું વિશ્વ આગવું;
હું, તું, અને ઈશ્વર ફૂલોનું એમાં ઊગવું.

છોળો થઇ તરબોળ કરે થમ્ભેલા શ્વાસ;
પ્રેમનો વિલમ્બિત લય ભરે સુવાસ.

સ્પર્શ હિમાદ્ર તારો, ઠારે જીવન પીડા;
પળની રેત દોડતી કરે પલાયન ક્રીડા.

મોગરાની ફુમાશે ઘોળ્યું રક્તચન્દન,
સુશોભિત પ્રેમબાણે ઘાયલ તારું વદન.

રેશમ-શું તામ્ર વર્ણે ફેલાય અનાવૃત્ત;
શરીર તારું આકર્ષણ, વનરાઈ આવૃત્ત.

જીવન દરિયો પી લીધો એક-એક ઘૂંટે;
ચાહે સાન્નિધ્યના પ્રાણ જીવનભર ખૂટે.

"રોશની" વગર અન્ધારીયો "દીપ" પ્રાર્થે;
મૃત્યુ સમીપે તો રોશની સન્ગ તને પ્રાર્થે!
**(ઓગસ્ટ 10, 2014)**

# એનો સહેવાસ

આંસુઓને પ્રેમનો સહારો મળે,
સહેવાસ એનો મને એમ ભીન્જવે!

મનને યાદોનો સહારો મળે,
સહેવાસ એનો મને એમ ખોતરે!

હૈયાને જુદાઈનો સહારો મળે,
સહેવાસ એનો મને એમ પીડે!

ક્ષણોને અધૂરપનો સહારો મળે,
સહેવાસ એનો મને એમ ખળભળાવે!

ધૈર્યને અસન્તોષનો સહારો મળે,
સહેવાસ એનો મને એમ હચમચાવે!

સ્વપ્નોને મિલનનો સહારો મળે,
સહેવાસ એનો મને એમ સહેલાવે!

"દીપ"ને "રોશની"નો સહારો મળે,
સહેવાસ એનો મને એમ અજવાળે!

**(ઓગસ્ટ 20, 2014)**

## ક્યાં શોધું?

આથમતી એકલી સાન્જને પૂછું,
ક્યા શોધું મારા ચાન્દને?

હરખાતાં ફૂલો વચ્ચે,
હળવે સરકતી હવાની
સમેટાતી લહેરખીમાં?

શીતળ ચાન્દનીથી ન્હાતા
સરોવરમાં, ઉઠતી તરન્ગોના
અધુરા સન્ગીતમાં?

લીલીછમ ખીલતી ધરતીને,
આશ્લેષમાં લેતાં સૂરજથી
વરાળ થતી ઝાકળ બુન્દોમાં?

કરડાકી દાખવતાં વાદળોની
વરસતી ધારાઓમાં
ચમકીને વિખેરાતી વીજળીમાં?

મેઘધનુશી વસ્ત્રો ઓઢેલાં
આકાશમાં, હિલ્લોળતા
રસ્તો ભૂલેલાં પક્ષીઓમાં?

ઘેઘુર વડલાની બાજુઓ પર,
હસતાં-રમતાં-આરામ કરતાં
ખોવાઈ જતાં, યૌવનની યાદોમાં?

ના, આતમના અન્ધકારને
એક જ ક્ષણનો આધાર આપી;
સમેટી લેતી "રોશની"માં ભાળું!

**(ઓગસ્ટ 29, 2014)**

પ્રેમવહેણ COPYRIGHT © 2020 CHIRAG PATEL, USA
CHIPMAP@GMAIL.COM HTTP://RUTMANDAL.INFO

## પ્રેમની કોર

જુદાઈની અમાસ લાવે
પ્રેમ સાગરમાં ઓટ;
અન્ધારી રાતના આભાસી
આયને, મોટી ખોટ!

સ્વપ્ન ઉગે
પૂનમના ચાન્દ સમુ;
પ્રેમની ભરતી લાવે
લાગણીના છીપ!

સમયની ઝરમર લણે
સમ્બન્ધનું મોતી;
સ્નેહનું ઝરણું વહે
પ્રેમ સાગરની કોર!

વાત હોય જો તારી-મારી,
જેમ "દીપ" સન્ગ "રોશની";
જીવન આખું ઝળાહળા જો
મળે તારામાં હું,
મારામાં તું!

**(સપ્ટેમ્બર 04, 2014)**

## વસ્યો પ્રેમ

આંખોની છીપમાં વસ્યો પ્રેમ
લાગણીની વર્ષા વહાવે પ્રેમ

છબીનું મોતી એક પકવે પ્રેમ
હૈયાના સાગરે ધૂધવે પ્રેમ

રક્તમાં ધમાસાણ મચાવે પ્રેમ
ધડકનોનું વાવાઝોડું લાવે પ્રેમ

યાદોનું મન્દિર વસાવે પ્રેમ
એક મૂર્તિની પ્રતિષ્ઠા  કરે પ્રેમ

રોમની કુંપળો ખડી કરે પ્રેમ
અન્ગોની ડાળે ફૂલ ખીલવે પ્રેમ

રોમાન્ચની વીજળી ઝબકાવે પ્રેમ
મધુરી પળના પુષ્પ અર્પણ કરે પ્રેમ

"દીપ"-"રોશની" મિલનનો સાક્ષી પ્રેમ
બાળકોને પ્રભુની કૃપાનો પ્રસાદ પ્રેમ
(સપ્ટેમ્બર 10, 2014)

પ્રેમવહેણ COPYRIGHT © 2020 CHIRAG PATEL, USA
CHIPMAP@GMAIL.COM HTTP://RUTMANDAL.INFO

## પ્રેમપુષ્પ ખીલ્યાં

સમયની વર્ષામાં પ્રેમાન્કુર ફૂટ્યાં;
ભીન્જાતી લાગણીનાં ધોધ વહ્યાં!

મનગમતી યાદોનાં ફૂલ ખીલ્યાં;
ચાન્દ અને સૂરજ ક્ષિતિજે મળ્યાં!

"રોશની"ના રેશમી વસ્ત્ર ઓઢ્યાં;
"દીપ"ના અન્ગે સ્નેહપૂર ઉમટ્યાં!

યાદગાર પળનાં સમુદ્ર ઘૂઘવ્યાં;
અદભૂત મિલનનાં મોતી પકવ્યાં!

આતુરતાનાં કેસરમાં રસ ઘોળ્યાં;
લાગણીની મીઠાશે જીવન મ્હોર્યાં!

ગુણોની સુવાસે પથ મઘમઘ્યાં;
હૂંફને છાંયડે પીડા દુઃખ ઓસર્યાં!

ઈશ્વર આશિષે જન્માન્તર આથમ્યાં;
પ્રેમિકા સાન્નિધ્યે અન્તર અજવાળ્યાં!
(**સપ્ટેમ્બર 19, 2014**)

## એક સ્વપ્ન

હૈયાના આકાશે ઉગે એક સ્વપ્ન;
મનના અવકાશે ખીલે એ સ્વપ્ન.

શબ્દો બન્ધ હોઠે કન્ડારે એક સ્વપ્ન;
ભાવ ભીતરનાં રન્ગે એ સ્વપ્ન.

સ્પર્શ કાયાનાં વહેવડાવે એક સ્વપ્ન;
શાશ્વત પટ સમયનો ઘુંટે એ સ્વપ્ન.

વસન્ત જીવનની રચે એક સ્વપ્ન;
આપ-લે લાગણીની ગુંથે એ સ્વપ્ન.

ૠણાનુબન્ધ કર્મનો જોડે એક સ્વપ્ન;
આધાર જન્મોનો સાચવે એ સ્વપ્ન.

સ્વીકાર એકમેવનો ભીન્જવે એક સ્વપ્ન;
પ્રતિજ્ઞા વણકહી બાન્ધે એ સ્વપ્ન.

વાત તારી-મારી જગવે એક સ્વપ્ન;
કૃપા ઈશ્વરની "રોશની", રક્ષે એ સ્વપ્ન.
**(ઓક્ટોબર 15, 2014)**

## પ્રેમ મ્હોરે છે

(ઓક્ટોબર 30, 2014)

મહેંકની તરસ, અધરની તરસ,
જાગી પ્રાણની તરસ;
હા, પ્રેમ મ્હોરે છે...

યાદોનું આવવું, સ્વપ્નનું ઊગવું,
ઉઘડે આકાશ નવું;
હા, પ્રેમ મ્હોરે છે...

આરતમાં મૂરત, સૂરતમાં આરત,
ઉઠે સ્પન્દનો અવિરત;
હા, પ્રેમ મ્હોરે છે...

લાગણી વહેતી, હૈયે પહોંચતી,
આવે મન ડાળે હીંચકતી;
હા, પ્રેમ મ્હોરે છે...

જુદાઈની પીડા, અધૂરપની પીડા,
પીડે જન્મોજન્મની ક્રીડા;
હા, પ્રેમ મ્હોરે છે...

વિશ્વાસની કુંપળ, અજાણ્યાં પડળ,
કસે સમય કસોટીની જાળ,
હા, પ્રેમ મ્હોરે છે...

"દીપ"ની કથની, "રોશની"ની જીવની,
વરસે કૃપા અવનવી;
હા, પ્રેમ મ્હોરે છે...

## શું થયું?

કર્યો બળવો હૈયાના એક કોણે,
ભડ્ભડ્યું વેરવિખેર અસ્તિત્વ મારું;
પીડાની જ્વાળા પીગાળે લાગણી,
હ્રુદિયાનો બાન્ધ તત્ક્ષણ છૂટી પડે;
યાદોનું વાવાઝોડું મુશળધાર વરસ્યું,
ભીન્જાયેલો હું આનન્દ આકાશે ફેલાતો.

મન્દ વાતા ચૈતન્ય પ્રવાહ ઘેરે,
સૂક્ષ્મ પ્રાણ એક્કેક કોષે ફરી વળે;
નવા કલેવરે પ્રગટાવ્યા નવા ઘેન,
નવું બન્ધન છતાંય સ્વતન્ત્ર અહં.

"દીપ"ને મળી "રોશની" અત્ર-તત્ર;
ના રહે હું-તું, ના રહે એ પણ જયારે;
ના કોઈ પ્રશ્ન, ના કોઈ ઉત્તર હોય;
રમે હમ્મેશાં સૂનકારનો નાદ ત્યારે!
**(નવેમ્બર 20, 2014)**

## શ્યામલ રાત

ઘેરવાળા ઘાઘરામાં જડેલી ઝરી ખરે,
શ્યામલ રાતે આભલે જડેલાં તારા ખરે,
હૈયાની મૃદુ ભૂમિ પર પ્રેમના સળ ઉઠે!

નાકની વાળીમાં પરોવાયેલું મોતી દડે,
પૂરી ચાન્દનીમાં ગુલાબી ઠન્ડી ઉઘડે,
મન સરોવરે વ્હાલી યાદોની કાંકરી ડૂબે!

રાતી ઓઢણીમાં રેશમી વાળ ફરફરે,
ઘનઘોર અડાબીડમાં હવા ધીરે હરેફરે,
અન્ગોમાં સ્પર્શની હેલી હળવે ફફડે!

ગોરી પાનીની ઠેસે મીઠાં ઝાન્ઝર રણકે,
ઉષાના આગમને કુકડા ઉતાવળે ગહેકે,
સમયની અટારીએ પ્રેમનાં અધૂરાં ફૂલ હસે!

"રોશની"ની ઝલક માટે "દીપ" વલખાં મારે,
અલપઝલપ અમી છાંટણે સન્તૃપ્તી મ્હોરે!
(**ડીસેમ્બર 08, 2014**)

## ખોવાયો સાથ

ખોવાયો સાથ એવો વણતુટ્યો...
અનીલ ડાળે-ડાળે શોધે સુગન્ધ,
વ્હાલમ ફફડાટે શોધે આનન્દ.

ખોવાયો સાથ એવો વણતુટ્યો...
સુરજ પહાડો-ખીણે શોધે ચુમ્બન,
ચાન્દ આભલે શોધે આલીન્ગન.

ખોવાયો સાથ એવો વણતુટ્યો...
વસન્ત ખીલ્યાં ફૂલોમાં શોધે મુખડું,
વર્ષા ભીન્જવતી શોધે પ્રેમી દલડું.

ખોવાયો સાથ એવો વણતુટ્યો...
ઝરણું પડતું-આખડતું શોધે સ્મિત,
સાગર મોજાં અફાળી શોધે પ્રીત.

ખોવાયો સાથ એવો વણતુટ્યો...
હન્સ બેબાકળો ઉડી શોધે હન્સલી,
ચાતક તરસ શોધે અમી ટપકતી.

ખોવાયો સાથ એવો વણતુટ્યો,
"દીપ" "રોશની"નો બોલ તુટ્યો.
(**ડીસેમ્બર 16, 2014**)

## ચાન્દ ઉગ્યો

તારા ને મારા પ્રેમની પૂનમ રાતે
તારા આગમનનો ઉગ્યો પૂરો ચાન્દ

હાસ્ય ખીલ્યાં શ્વેત પોયણાં સમ
લાગણીઓ વહી ચાન્દની સરીખી
જયારે ઉગે પૂરો ચાન્દ

ધસમસતાં પૂરમાં વહી જતાં બેઉ
અસ્તિત્વની ડાળ પકડી જીવતા બેઉ
જયારે ઉગે પૂરો ચાન્દ

મધુરી રાતે હૈયામાં સાદ ઉઠે પ્રીતમનો
પડઘો પડતો એનો મનસરોવારે તરતો
જયારે ઉગે પૂરો ચાન્દ

જીવન દરિયે લીલાંછમ્મ ટાપુ શો પ્રેમ
ઝળહળે "દીપ" "રોશની"ના દિલમાં પ્રેમ
જયારે ઉગે પૂરો ચાન્દ

**(ફેબ્રુઆરી 06, 2015)**

પ્રેમવહેણ COPYRIGHT © 2020 CHIRAG PATEL, USA
CHIPMAP@GMAIL.COM HTTP://RUTMANDAL.INFO

# મારો પ્રેમ છે

વહેલી સવારે ઘેનભરી આંખે,
ઉઠવાની આળસ માણું;
'ને જો તારો મેસેજ આવે,
સફાળો જાગી વાતો કરું!

કાંટાળી દાઢીના વાળ છોલતા,
એક આંખ ફોન પર રાખું;
'ને જો તારો મેસેજ આવે,
અધુરી દાઢીએ વાતો કરું!

લઘુ-ગુરુ શન્કાની તો શી વાત,
ન્હાતા-ન્હાતા કાન ફોન સામ્ભળે;
'ને જો તારો મેસેજ આવે,
ભીના હાથે વાતો કરું!

કસરત કરતા, પૂજા કરતા,
ધ્યાન કરતા, પઠન કરતા, સમ્ભારું;
'ને જો તારો મેસેજ આવે,
ફોન ચૂમી વાતો કરું!

ગાડી ચલાવતા હો ભલે જળવર્ષા,
કે હો હિમવર્ષા સામ્બેલાધાર;
'ને જો તારો મેસેજ આવે,
હૈયું નચાવી વાતો કરું!

કમ્પ્યુટર પર હોઉં ભલે ડૂબેલો,
કે હોઉં મહત્વની મીટીન્ગમાં;
'ને જો તારો મેસેજ આવે,
વહેલો દોડી વાતો કરું!

જમતો હોઉં કે આવે ભારે ઉન્ઘ,
પુસ્તકનો રસ ભલે હો જામેલો;
'ને જો તારો મેસેજ આવે,
ઉજાગરા વેઠી વાતો કરું!

પ્રેમ છે મારો આવો "રોશની",
"દીપ"ના દરેક કિરણે-કિરણે
તારી વાતોનો ખજાનો પ્રજ્વળે!
**(ફેબ્રુઆરી 12, 2015)**

## આંખનો આયનો

આંખના આયને ચમકે કોઈ,
અન્તરના અજવાળે ન્હાય કોઈ.

પ્રેમની જ્વાળામાં સ્વાહા કોઈ,
લાગણીના સમન્દરે પાર કોઈ.

આંસુના ઝરણે તરતું કોઈ,
રક્ત કન્કુએ પા-પા પગલી કોઈ.

ચિદાકાશે સ્વૈરવિહારે કોઈ,
શરીરે સ્પર્શ નર્તન કરે કોઈ.

શાન્ત સમાધિએ વમળ કોઈ,
સૂનકારમાં પ્રકાશ તરન્ગ કોઈ.

સમય વેદમાં મન્ત્ર ગાન કોઈ,
જીવનમાં અનોખો અધ્યાય કોઈ.

"દીપ" અસ્તિત્વે "રોશની" હોય,
મારામાં એમ તું રમતી હોય!
(માર્ચ **11, 2015**)

# કમ્પ્યુટર પ્રેમ

કીબોર્ડ પર ઘૂમતી આંગળીના તાલે,
નાચે એક મધુરું નામ!

એલસીડીના અબજો પિક્ષેલિ રન્ગધનુષે,
દોરાતી એક રૂપકડી આંખ!

સરાઉન્ડ મ્યુઝીક સિસ્ટમના સાત સ્પીકરે,
ગુન્જતો એક રણકતો સ્વર!

માઉસના કટ-કટ સૂરમાં સર્જન નવું ભળી,
ઉગતી એક પ્રેમની દુનિયા!

નાની-મોટી ઉઘડેલી વિન્ડોના વિવિધ ચાકડે,
ઉભરતું એક સ્વપ્નિલ મુખડું!

ઇન્ટરનેટના ધૂઘવતા સમુદ્રે ડૂબકી મારી,
મળતી એક યાદોની ચિત્રાવલી!

"દીપ"ના કમ્પ્યુટરમાં આઈડલ સ્ટેટસ મળે ત્યારે,
ફેલાતો એક માત્ર "રોશની"નો નશો!

(**માર્ચ 18, 2015**)

## બહુ જ યાદ

ઘનઘોર ગોરમ્ભાયેલી વર્ષામાં,
ઢેલને રીઝવવા મોર ટહુકે;
સપ્તરન્ગી પીછાંનું આકાશ સજાવી!
ત્યારે બહુ જ યાદ આવતી તું ...

થરથર ધ્રુજતી ધરા પર,
થીજેલાં ઝાકળ બુન્દો સળવળે;
રતુમડા સુરજના હુંફાળા સ્પર્શે!
ત્યારે બહુ જ યાદ આવતી તું ...

અગનજ્વાળા કાઢતા તડકે,
શાતા પામે ચકો-ચકી;
ધીર ગમ્ભીર ઘેઘુર વડલે!
ત્યારે બહુ જ યાદ આવતી તું ...

સૂકાયેલાં જીવનના ખખડાટે,
હવાની લહેરખીએ અન્કુર યાત્રા;
પુનઃ અસ્તિત્વની આશા જગાવે!
ત્યારે બહુ જ યાદ આવતી તું ...

નવપલ્લવિત પુષ્પો પર,
ગુન્જારવ ગજવતાં કીટ;
નવજીવનની છડી પોકારે!
ત્યારે બહુ જ યાદ આવતી તું ...

"દીપ"ના યાદ-ચિત્રોની નાયિકા,
"રોશની" બહુ જ યાદ આવે તું ...

**(એપ્રિલ 02, 2015)**

## મારી હન્સલી

એવી મારી હન્સલી થઇ સદ્યસ્નાતા ...

તરલ તરન્ગો સ્ફટિક જલ મધ્યે ઉઠીને,
સૂરજના રેશમી સોનેરી કિરણોમાં ન્હાતી,
કમળ પાંખડીઓને પખાળે મારી હન્સલી ...

ઢેલ સમી મલપતી ડોકે એ કમળ દન્ડોને,
ઈર્ષ્યાથી ચન્ચુપાત કરી,
ઝાકળ બુન્દો ખન્ખેરે મારી હન્સલી ...

મેઘધનુષ પરથી નીતરેલાં મોતીબુન્દોને,
મોગરાની પન્ખુડીઓમાં પરોવી,
રેશમી કેશ કુન્જ સજાવે મારી હન્સલી ...

આમ્રફળ સમ ઉન્નત પક્વ કુચયુગ્મને,
સુંવાળા મખમલી વસ્ત્ર સ્પર્શે સન્તાડી,
શુભ્ર કાન્તિ વિખેરે મારી હન્સલી ...

પવિત્ર અગ્નિશિખાની સાક્ષીએ રેલાતા,
શાન્ત આભા તરન્ગોને દૈવત્વ અને ભક્તિથી
અણુ -અણુ સન્ગ એકત્ર કરે મારી હન્સલી ...

મારી હન્સલી ...
મારી "રોશની"...
**(એપ્રિલ 14, 2015)**

## ચક્રવાત

પ્રેમની ઘૂમરી ઉઠતી અધોદ્વારે,
વંટોળ અધરો ઉઠે દિલ ઓવારે!
મધુવને દહેકે લાલસા સુંવાળી,
મનોરથે ચાન્દની ઉમટે અજવાળી!

શમણાં ફલકે કોરાયું એક બાકોરું,
વેરાતી આશાઓ એમ કેમ રોકું!
વાસ્તવિકતા શેષ બની હૈયું ભીંસે,
નારાયણી અવશેષ ભજું તરસે!

અમૃત સુવાસ પ્રસરી નવા ઉમન્ગે,
ચક્રવાતમાં નવાં પ્રેમ અન્કુર તરન્ગે!
જીવન હો કે મૃત્યુ પગરવ સમ્ભળાય,
અખન્ડ અનહદ આનન્દ અખૂટ રેલાય!

"રોશની"ભરી આયખાના દરિયે તે,
"દીપ"ની દર્શન પવને નૈયા દોડે જે!
(મે **06, 2015**)

## સચ્ચિદાનન્દ

શાન્તિ... પ્રેમ... આનન્દ...

સત જ્યારે પ્રગટે કોલાહલમા,
સુન્દર મૂર્તિ ભાસે સદાશિવમા.
મૃત્યુનો ભલે મચે હાહાકાર,
શાન્તિનો શીતળ સાક્ષાત્કાર.

શાન્તિ... પ્રેમ... આનન્દ...

આકાર વિકાર વમળો અનેક,
ચિત્તના વિલાસ ખિલે ક્યારેક.
તલસાટ અધૂરપનો ધૂન્ધવાય,
પ્રેમનો મધુર પ્રવાહ રેલાય.

શાન્તિ... પ્રેમ... આનન્દ...

અનન્ત શક્યતા જ્યા વિરમે,
આ ક્ષણ અનિવાર્ય ત્યા રમે .
સ્થિતિને આવકારી જે જાણે,
આનન્દને યથાર્થ તે માણે.

શાન્તિ... પ્રેમ... આનન્દ...

"રોશની" જાગે "દીપ" મધ્યે,
સચ્ચિદાનન્દ રહે પરમ અર્ધ્યે.

શાન્તિ... પ્રેમ... આનન્દ...
**(મે ૧૦, ૨૦૧૫)**

## સરવર

પ્રેમની પળ લાગણીના વાદળેથી ટપકે,
સ્પર્શના વાયરે આલિન્ગનના ફૂલ ખીલે.

ઉલ્લાસના ભ્રમર હાસ્યનું પરાગ ખેંચે,
હર્ષની ધારે અનહદના તરન્ગો ઉઠે.

એકાકારના યોગે અનન્તનો પ્રકાશ ઉમટે,
ગૃહસ્થીના વને સન્તોષનાં ફળ ઝળુમ્બે.

જીવન સરવરે પરમનો આકાર પ્રગટે,
અસ્તિત્વના સન્ગીતે બ્રહ્મના તાર રણઝણે.

નેતિ-નેતિના ગાને ઈતિ સૂર આલાપે,
સમયનો ભ્રમ માયાનુ આવરણ ચઢાવે.

સન્સાર સાગરે સુખ-દુઃખના મોજાં લહેરે,
"દીપ"ને "રોશની" મનમન્દિરે સજાવે.
**(જૂન ૨૧, ૨૦૧૫)**

## દિલના દ્વારે

દિલના દ્વારે ઉભો જો હું,
હળવે ટહુકે આંખ નિતારે તું.
છાનાં ઉચ્છવાસે હૈયું ભરાતું,
આછેરા સ્મિતે આભ છલકાતું.
મીઠી અગને શરીર લહેરાતું,
કામ્ય સુવાસે અન્ગ દાઝતું .

સ્પર્શની કારી ફાવે ના કોઈ,
મિલનના પૂર ઓસરે જોઈ.
આંખોની ક્રીડા અવિરત રચાતી,
પળમાં જાગી પળમાં વિખેરાતી.

પ્રેમ ઉપવનમાં ખેલતાં બેઉ,
મનોતરન્ગો ઠારતાં બેઉ .
"રોશની" સંગ "દીપ" જોઉં,
આશા બીજી હડસેલી દઉં!
(**ઓગસ્ટ 19, 2015**)

# આહુતિ

દેવદર્શન પ્રેમદર્શન, અઘોદર્શન અતિદર્શન;
દશે દિશાના સઘળાં સુંદર એવાં મનોદર્શન.

જયારે પ્રગટે પરમની પાવક પ્રેમજવાળા,
આહુતિ સ્વની પ્રેમે વધાવે કૃષ્ણ કાળા.

મનોભૂમિ તપોભૂમિ, પાપભૂમી પુણ્યભૂમિ;
સર્વે ગુણોની અધિષ્ઠાત્રી એવી માયા ભૂમિ.

જયારે ફૂટે અંકુર કુણી લાગણીનાં હૈયે,
વ્હાલમ સંવર્ધે ઋજુ પ્રતીતિ દૈવ કાર્યે.

આનંદવર્ષા  પ્રેમવર્ષા, શબ્દવર્ષા નિરવવર્ષા;
વિશ્વ સઘળું નર્તન કરી ઉજવે મિલનવર્ષા.

પીગળે સર્વ સંઘર્ષ હુંફની વહે સરવાણી,
એકાકાર શબ્દયજ્ઞ મધ્યે પ્રેમની મધુર વાણી.

"દીપ" જયારે પ્રગટાવે પ્રેમની જ્યોતિ,
"રોશની" ફેલાતી રોમેરોમ પામી આહુતિ.
**(નવેમ્બર 28, 2015)**

# રોશની

એકલતાના અન્ધારે
પ્રેમનાં સ્વપ્ન આન્જે "રોશની";
પીડાના અવકાશે
લાગણીની રન્ગોળી પૂરે "રોશની".

નિરાશાના વમળમાં
જીવન નૈયા સાચવે "રોશની";
દુઃખની ગર્તામાં
આશાની નિસરણી ગોઠવે "રોશની".

અડચણોના કાંટા વચ્ચે
હૂંફના ફૂલ ખીલવે "રોશની";
ઘવાયેલા અશાન્ત હૈયે
સ્પર્શના લેપ લગાવે "રોશની".

અતૃપ્ત સ્વપ્નો ઝૂલતાં મારી પલકોમાં,
અમીનજરોના પ્યાલાં ભરે "રોશની".

હૈયાની સૂની ડાળો પાનખરમાં બોખું હસતી,
અધરોના આલાપે વસન્ત લાવે "રોશની"

જીવનના રેતાળ મહાસાગરે આન્ધી ઉઠતી,
અખિલ બ્રહ્માન્ડ ભર્યાં નાદે વરસે "રોશની"
**(ડીસેમ્બર 19, 2015)**

કવિતાસંગ્રહના ઉપવનમાં આ મારુ ત્રીજું પુષ્પ!

આપ સહુને શબ્દોમાં અભિપ્રેત ભાવ પહોંચે એવી

અપેક્ષા સહ પ્રણામ!

ચિરાગ પટેલ

